# સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)

## શૌચાલયના ઉપયોગની રીત

**૧** શૌચાલયની બહાર હંમેશા પાણીથી ભરેલી ડોલ રાખો.



નોંધ : નિકાલ માટે ૨ લિટર પાણી પુરતુ છે. જો ૨ લિટર પાણીથી નિકાલ ન થાય તો જે તે ગંદી જગ્યાએ થોડુ વધારે પાણી રેડવું.

**૨** વપરાશ પહેલા શૌચાલયના પાત્રમાં થોડું પાણી રેડવું. જેથી મળ સહેલાઇથી ખાડામાં સરકી શકે.





**૩** શૌચાલયમાં નીચે વળી ખાડાની વિરુદ્ધ દીશામાં મોઢુ રાખી બન્ને તરફ પગ દૃઢ રાખી ઉભડક બેસાય તેનું ધ્યાન રાખવું

**૪** શૌચાલયનું કામ પુરું થયા બાદ પોતાની સફાઇ કરવી તથા ડોલનું પાણી જોરપૂર્વક ખાડા તરફ રેડવું જેથી મળનો સંપુર્ણ નિકાલ થઇ શકે.



**૫** એવી જ રીતે મૂત્રત્યાગની ક્રિયાબાદ અંદાજે અડધા લિટર જેટલુ પાણી ઉભડક બેસવાની જગ્યા પર રેડી સફાઇ કરવી.

**૬** મળત્યાગ અને મૂત્રત્યાગ બાદ સાબુથી હાથ ધોવાનું યાદ રાખો.



## શૌચાલયને લાંબા સમય સુધી સાચવવા માટેના પગલા:

**૧** શૌચાલયમાં ઉભડક બેસવાની જગ્યાને કોસ્ટિક સોડા કે તેજાબથી સાફ નકરવી.

**૨** શૌચાલયમાં ઉભડક બેસવાની જગ્યાને સાબુ કે ડીટરજન્ટ પાઉડરનો છંટકાવ કરી પાણી વડે ઝાડુ અથવા લાંબા દંડાવાળા બ્રશથી દરરોજ સાફ કરવી.

**૩** શૌચાલયના પાત્ર કે ખાડામાં કચરો, શાકભાજી કે ફળોની છાલ, રૂ અથવા ચીંથરા, કાદવ, પથ્થર, પાંદડા, વગેરે વસ્તુઓ ફેંકવી નહી.

**૪** ખાડાનું ઢાંકણ ખુલ્લુ રાખવુ નહીં.

## શું તમારા ઘરે સંડાસ નથી?

**સરકાર આપે છે સહાય, બનાવો તમારા ઘરમાં શૌચાલય**

**પ્રોત્સાહક સહાય** - સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ બીપીએલ, નક્કી કરેલ પાંચ કેટેગરીના એપીએલ (એસસી/ એસટી, નાના સીમાંત ખેડૂત, જમીન વિહોણા ખેતમજૂર, શારીરિક વિકલાંગ, કુટુંબ મહિલા વડા) માટે રૂ. ૧૨,૦૦૦/- પ્રતિ કુટુંબ (કેન્દ્રનો ફાળો રૂ. ૯,૦૦૦/- અને રાજ્યનો ફાળો રૂ. ૩,૦૦૦) તથા રાજ્ય પુરસ્કૃત નિર્મલ ગુજરાત હેઠળ એપીએલ (જનરલ) માટે રૂ. ૪,૦૦૦/-

**જાણકારી માટે સંપર્ક કરો -**

- નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી - જિલ્લા કક્ષાએ
- એપીઓ, સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) - જિલ્લા કક્ષાએ
- બ્લોક કો-ઓર્ડિનેટર, સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ), કલસ્ટર કો-ઓર્ડિનેટર - તાલુકા કક્ષાએ
- સરપંચશ્રી, તલાટી કમ મંત્રી, આશા વર્કર, નિર્મળદૂત - ગ્રામ્ય કક્ષાએ